પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૩૧ | ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૧, શુક્રવાર; મહા સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

ભારત-ચીન સેના પાછી હટાવવા સંમત

પેંગોંગ લેકથી સેનાને પાછળ ખસેડવા ભારત-ચીન વચ્ચે સમજૂતી : સૈન્ય સ્તરની અનેક વખતની વાચચીત બાદ ડિસએંગેજમેન્ટ પર બંન્ને દેશો વચ્ચે સંમતી, ભારતને કોઈ નુકશાન નહીં થાય એવો સંરક્ષણ મંત્રીનો દાવો : સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે રાજ્યસભામાં માહિતી આપી

નવી દિલ્હી, તા. ૧૧

પૂર્વીય લદ્દાખમાં છેલ્લા એક વર્ષથી ભારત અને ચીનની સેના આમનેસામને બેઠી છે તે પૈકી પેંગોંગ તળાવ પણ એક સ્થળ છે. આ તળાવના ઉત્તર અને દક્ષિણ બંને કાંઠે બંને સેનાઓ વચ્ચે અથડામણની સ્થિતિ છે. ગુરુવારે રાજ્યસભામાં સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે કહ્યું હતું કે, ભારત અને ચીન તળાવના બંને કિનારે ફોરવર્ડ લોકેશનથી પોતાની સેના

પાછળ હટાવવા સંમત થયા છે. બંને દેશો વચ્ચે સૈન્ય સ્તર પર ઘણા રાઉન્ડની વાતચીત બાદ ડિસએંગેજમેન્ટ પર સંમતી સધાઈ છે. આ સમજૂતીમાં ભારત માટે ગુમાવવા જેવું કંઈ નથી, જ્યારે ચીને ખૂબ મોટા વિસ્તારમાં પીછેહઠ કરી પડશે. પંગોંગ તળાવના બંને કિનારા પર શું પરિસ્થિતિ છે અને ડિસએંગેજમેન્ટ પછી કઈ પરિસ્થિતિઓ ઊભી થવાની છે એ બાબત પર એક નજર નાખવા જેવી છે.

૩,૪૮૮ કિ.મી. લાંબી લાઈન ઓફ એક્યુઅલ કંટ્રોલ (એલએસી) મોટાભાગની જગ્યાએ જમીન પરથી પસાર થાય છે, પરંતુ પેંગોંગ તળાવ એક અપવાદ રુપ છે. અહીં ભારત અને ચીનની સરહદો પાણીમાંથી પસાર થાય છે. આ તળાવમાંથી એલએસી ક્યાંથી પસાર થાય છે તે વિશે ભારત અને ચીનના જુદા જુદા દાવા છે. પૂર્વ લદ્દાખમાં આવતી આશરે ૬૨૬ કિલોમીટર લાંબી એલએસીની વચ્ચે પેંગોંગ તળાવ આવે છે. તે એક લાંબું, ઊંડું અને લેન્ડલોક (જમીનથી ઘેરાયેલું) તળાવ છે જે ૧૪,૦૦૦ ફુટથી વધુની ઉંચાઇ પર સ્થિત છે.

૧૩૫ કિમી લાંબું આ તળાવ ૬૦૪ વર્ગ કિમીના વિસ્તારમાં ફેલાયેલું છે. ક્યાંક ક્યાંક આ તળવાની પહોળાઈ ૬ કિમી જેટલી લાંબી છે. રણનીતિક રુપે આ તળાવ એટલા માટે મહત્વપૂર્ણ છે કે જો ચીન ભારતમાં જમીન આક્રમણ કરવા માગે છે તો તેની પાસે ચુશૂલ એક રસ્તો છે. જેના રસ્તામાં જ આ તળાવ આવે છે.

તળાવના ઉત્તર કિનારે ઉક્કડ પર્વતો છે. જેમાંથી પર્વતોની ટોંચ બહાર નીકળે છે તેને ફિંગર્સ કહે છે. ભારતનો દાવો છે કે એલએસી ફિંગર ૮ પર છે. જ્યારે ભારતનો કંટ્રોલ ફિંગર ૪ સુધી જ છે. તો બીજી તરફ ચીનની બોર્ડર પોસ્ટ ફિંગર ૮ પર છે પરંતુ તેનો દાવો છે કે એલએસી ફિંગર ૨થી પસાર થાય છે.

૫ મહિનાની તીરાને બચાવવા ૧૬ કરોડનું ઈન્જેક્શન અપાશે

બિમારીની સારવાર અમેરિકાથી આવતા Zolgensma ઈન્જેક્શનથી શક્ય, જે લગભગ ૧૬ કરોડ રૂપિયાનું છે : પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ મદદ કરી

મુંબઈ,તા.૧૧

મુંબઈની પાંચ મહિનાની તીરાની જિંદગી સામેની લડાઈ લડી રહી છે, લોકો તરફથી મળેલા ફંડ અને સરકારના સહયોગથી તેના જીવિત રહેવાની આશા વધી ગઈ છે. તેને Spinal Muscular Atrophy Type 1નામની બીમારી છે, તેની સારવાર અમેરિકાથી આવતા Zolgensma ઈન્જેક્શનથી શક્ય છે, જે લગભગ ૧૬ કરોડ રૂપિયાનું છે. આ ઈન્જેક્શન પર ૬.૫ કરોડ રૂપિયા ટેક્સ અલગથી ચૂકવવાના હોય છે. આમ આ ઈન્જેક્શનની કિંમત ૨૨ કરોડ રૂપિયા કરતા પણ વધી જાય છે. પરંતુ મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસની ચિઠ્ઠી પર નરેન્દ્ર મોદીએ ટેક્સ માફ કરી દીધો છે. તીરા કામત નામની પાંચ મહિનાની બાળકીને ૧૩ જાન્યુઆરીએ મુંબઈના એસઆરસીસી ચિલ્ડ્રન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. તેના એક ફેફસાએ કામ કરવાનું બંધ કરી દીધું હતું, ત્યાર પછી તેને વેન્ટિલેટર પર રાખવામાં આવી હતી.

● અનુસંધાન પાન-૭ પર

પૈસાના અભાવે જેડીએસ કર્ણાટકમાં ચૂંટણી નહીં લડે

જેડીએસના કેરટેકર દેવગૌડાનું આશ્ચર્જનક કારણ પાર્ટી કર્ણાટકની એક લોકસભા બેઠક અને ત્રણ વિધાનસભા બેઠકો પર યોજાનારી પેટાચૂંટણી નહીં લડે

રાયચૂર, તા. ૧૧

દેશના પૂર્વ વડાપ્રધાન અને જેડીએસના કેરટેકર એચડી દેવગૌડાએ બુધવારે કહ્યું કે, તેમની પાર્ટી કર્ણાટકની બેલગામ લોકસભા બેઠક અને વસવકલ્યાણ, સિંદગી અને મસ્કી વિધાનસભા બેઠકો પર યોજાનારી પેટાચૂંટણી નહીં લડે. આ માટે તેમણે આપેલું કારણ ઘણું જ આશ્ચર્યજનક છે. તેમણે પક્ષ પાસે રૂપિયા ન હોવાથી ચૂંટણી નહીં લડવાનો નિર્ણય કર્યો હોવાનું જણાવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ચૂંટણી પંચે હજુ આ બેઠકો માટે ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કર્યો નથી.

પૂર્વ વડાપ્રધાને કહ્યું કે, તેઓ પાર્ટીને ૨૦૨૩માં યોજાનારી વિધાનસભા ચૂંટણી માટે તૈયાર કરવા પર પુરું ધ્યાન આપશે. બેલગામ લોકસભા બેઠક પર કેન્દ્રીય મંત્રી સુરેશ અંગડીના નિધન બાદ પેટાચૂંટણી યોજાવાની છે. તો બસવકલ્યાણ બેઠક ધારાસભ્ય બી નારાયણ રાવના નિધન બાદ ખાલી પડી છે. મસ્કી વિધાનસભા બેઠક ધારાસભ્ય પ્રતાપગૌડા પાટિલ અયોગ્ય જાહેર થયા બાદ ખાલી પડી છે. તેઓ ૨૦૧૮માં કોંગ્રેસની ટિકિટ પર આ બેઠક પરથી જીત્યા હતા અને હવે તેઓ ભાજપની સાથે છે.

ઉદ્ધવ ઠાકરેએ ગવર્નરને પ્લેનના ઉપયોગની મંજૂરી ન આપતા વિવાદ

કોશ્યારી દહેરાદૂન જવા એરપોર્ટ પહોંચ્યા ત્યારે નિર્ણયની જાણ થતા તેમને કોમર્શિયલ વિમાનમાં મુસાફરી કરવી પડી

મુંબઈ,તા.૧૧

મહારાષ્ટ્ર સરકાર અને રાજ્યપાલ ભગતસિંહ કોશ્યારી વચ્ચેનો વિવાદ ફરી એકવાર વધ્યો છે. રાજ્યપાલ ભગતસિંહ કોશ્યારીને હવાઈ મુસાફરીની મંજૂરી આપવાની સરકારે ના પાડી. રાજ્યપાલ જ્યારે ગુરુવારે ઉત્તરાખંડ જવા માટે મુંબઈ વિમાનમથક પહોંચ્યા ત્યારે પાયલોટે ઉડાન ભરવાથી ના પાડી દીધી હતી. આ અંગે ભાજપના નેતા સુધીર મુનગંટીવારે કહ્યું કે રાજ્યપાલને વિમાન માંથી ઉતારી દેવામાં આવ્યા હતા.. લોકો આ સરકારને સત્તામાંથી બહાર હાંકી કાઢશે. એટલું જ નહીં, ભાજપ નેતાએ કહ્યું કે સરકારે રાજ્યપાલની માફી માંગવી જોઈએ.

ભાજપ નેતાએ કહ્યું કે જો સરકાર રાજ્યપાલના વિમાનને મંજૂરી નથી આપતી તો તે માનહાની સમાન છે. લોકશાહી માટે આ સારું નથી. જો સરકાર દ્વારા આવું કરવામાં આવ્યું હોય તો તેઓએ માફી માંગવી જોઈએ. ખરેખર, રાજ્યપાલ રાજ્ય સરકારના વિમાન દ્વારા ગુરુવારે દહેરાદૂન જવાના હતા. જ્યારે તેઓ મુંબઈ એરપોર્ટ પહોંચ્યા ત્યારે તેમને કહેવામાં આવ્યું કે તેમને આ વિમાનમાં સફ્ક્વાની મંજુરી નથી. હવે તેણે દેહરાદૂન માટે કમર્શિયલ ફ્લાઈટ બુક કરાવી છે.

રાજ્યપાલ ભગતસિંહ કોશ્યારી ઉત્તરાખંડની મુલાકાતે જઈ રહ્યા હતા. તે સમયે તે સરકારી વિમાનમાં હતા. જોકે, જાણવા મળ્યું છે કે ઠાકરે સરકારે રાજ્યપાલની યાત્રાને મંજુરી આપી ન હતી. મુખ્યમંત્રી કાર્યાલયે રાજ્યપાલની હવાઈ મુસાફરીની મંજૂરી આપી ન હતી. આશ્ચર્યજનક વાત એ છે કે, રાજ્યપાલ કોશ્યારીને વિમાનમાં સવાર થયા પછી ખબર પડી કે તેમને આ વિમાનમાં યાત્રા કરવાની મંજુરી નથી.

મોદીએ ટ્રૂડોને કોરોના વેક્સિન આપવા માટે ખાતરી આપી

ભારત કેનેડાની મદદ કરશે : ભારત પાસે જબરદસ્ત ફાર્માસ્યુટિકલ ક્ષમતા છે અને તે કોરોનાને હરાવવા માટે કેનેડાને વેક્સિન પૂરી પાડે : ટ્રૂડો

નવી દિલ્હી,તા.૧૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડોને ખાતરી આપી હતી કે કેનેડાને કોરોના વેક્સિન આપવા માટે ભારત તેનાથી બનતા શ્રેષ્ઠ પ્રયાસો કરશે. ટ્રૂડોએ વડાપ્રધાનને ફોન કર્યો હતો અને કહ્યું હતું કે ભારત પાસે જબરદસ્ત ફાર્માસ્યુટિકલ ક્ષમતા છે અને તે કોવિડ-૧૯ને હરાવવા માટે કેનેડાને વેક્સિન પૂરી પાડે, તેમ વડાપ્રધાન કાર્યાલય દ્વારા જણાવવામાં આવ્યું હતું. ફોન પર વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડોએ મોદીને ભારત પાસેથી કેનેડાને કેટલી કોવિડ-૧૯ વેક્સિન જોઈએ છે તેની માહિતી આપી હતી. વડાપ્રધાન મોદીએ કેનેડાના પોતાના સમકક્ષને ખાતરી આપી હતી કે ભારતે જેમ અન્ય દેશો માટે કર્યા છે તેવા તેનાથી બનતા શ્રેષ્ઠ પ્રયાસો કેનેડાના રસીકરણ માટે પણ કરશે. વડાપ્રધાન મોદીએ ટ્વિટ કરીને જણાવ્યું હતું કે, મારા મિત્ર જસ્ટિન ટ્રૂડોનો ફોન આવ્યો જેનાથી હું ઘણો જ ખુશ થયો છું.

GOOD HEALTH
DIAGNOSTIC & OPD CENTER

આપના માટે લાવ્યા છે ખાસ ઓફર

દર બીજા અને ચોથા શનિવારે સ્પેશ્યલ ડિસ્કાઉન્ટ

હેલ્થ ચેકઅપ પ્લાન તથા
જોઈન્ટ રિપ્લેસમેન્ટ અને ડાયાબિટીસ કેમ્પ માટે કોલ કરો
82380 59944

રિપોર્ટસ	ગુડ હેલ્થ ડિસ્કાઉન્ટ	બીજી લેબોરેટરી ની પ્રાઈસ
CBC	170	300
CBC+CRP	380	500
S.TSH	180	250
Vitamin B12	400	900
Vitamin D	700	1200
Lipid Profile	400	650
HbA1c	380	500
D-Dimer	700	900
Uric acid	150	200
S.PSA	350	600
RBS	40	70
FBS/PPBS	80	140
Urine Examination	100	150

દુકાન નંબર ૧૦૪, પેહલો માળ, પ્રમુખ ટેન્જન્ટ, સરગાસણ, ગાંધીનગર

ટ્વીટરના અધિકારીઓની કેન્દ્ર દ્વારા ધરપકડના સંકેત

ખેડૂતોના નરસંહાર વાળા કન્ટેન્ટ દૂર કરવા આદેશ : આઈટી સચિવ અજય પ્રકાશ, ટ્વિટરના અધિકારીઓ મોનિક મેશે અને જિમ બેફરની વર્ચ્યુઅલ મુલાકાત

નવી દિલ્હી , તા. ૧૧

કેન્દ્ર સરકારે ટ્વિટરને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું છે કે તેને જે તમામ એકાઉન્ટ્સનું લિસ્ટ સોંપવામાં આવ્યું છે, તેમને સેન્સર કરવા પડશે. આમ ન કરવાની સ્થિતિમાં તેના ટોચના અધિકારીઓની ધરપકડ થઈ શકે છે. સરકારે કહ્યું કે, ભડકાઉ કન્ટેન્ટવાળા ખાસ કરીને તેવા એકાઉન્ટ્સ જેમણે ખેડૂતોના નરસંહારવાળા હેશટેગ સાથે ટ્વીટ કર્યા હતા, તેના પર કોઈ વાતચીત ન થઈ શકે. સરકારે કહ્યું કે, આઈટી એક્ટની કલમ ૬૯એ હેઠળ સરકારના આદેશનં પાલન કરવાથી કંપનીના મનાઈ કરવા પર તેમની ધીરજ ખૂટી રહી છે.

અમેરિકન માઈક્રો-બ્લોગિંગ કંપનીએ સરકારના આદેશોને આંશિક રૂપથી લાગુ કર્યા હતા. સરકારની લિસ્ટમાંથી લગભગ અડધા એકાઉન્ટ્સ બ્લોક કરાયા છે. ભારત સરકારે જે વલણ દર્શાવ્યું છે તેને જોતા ટ્વિટરને હવે કોર્ટના દ્વાર ખખડાવવા પડી શકે છે. કંપનીએ એક બ્લોગ પોસ્ટમાં કહ્યું કે, જે લોકોની અમે સેવા કરીએ છીએ, તેમના માટે અભિવ્યક્તિના અધિકારની રક્ષા કરીશું.

બુધવારે કેન્દ્રિય આઈટી સચિવ અજય પ્રકાશ સાહની અને ટ્વિટરના અધિકારીઓ મોનિક મેશે અને જિમ બેફરની વર્ચ્યુઅલ મુલાકાત થઈ હતી. સાહનીએ સ્પષ્ટ કરી દીધું કે વિવાદિત હેશટેગનો ઉપયોગ ન તો પત્રકારની સ્વતંત્રતા હતી, અને ના તો અભિવ્યક્તિની સ્વતંત્રતા, કારણ કે આવું બિન જવાબદાર કન્ટેન્ટ ભડકાવી શકે છે સ્થિતિને 'વધારે ગંભીર' બનાવી શકે છે. સાહનીએ આ વાત પર નાખુશી વ્યક્ત કરી છે અને ટ્વિટર કેપિટલ હિલ અને લાલ કિલ્લા પર થયેલી ઘટનાઓના સંદર્ભમાં પોતાનો અલગ-અલગ મત રાખ્યો છે. સરકાર સાથે જોડાયેલા એક સૂત્રએ કહ્યું, ટ્વિટરને આદેશોનું પાલન કરવું જ પડશે.

● અનુસંધાન પાન-૭ પર

અમે બે અમારા બેની સરકાર, ચાર જણા શાસન ચલાવે છે

લોકસભામાં સરકાર પર રાહુલ ગાંધીના આકરા પ્રહાર : નવા કૃષિ કાયદા લાગુ થતા ખેડૂત, મજૂર અને નાના વેપારીઓના ધંધા બંધ થઈ જવાનો કોંગ્રેસના નેતાનો દાવો

ન્યુ દિલ્હી,તા.૧૧

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી લોકસભામાં કૃષિ કાયદા મુદ્દે બોલી રહ્યા છે. તેમણે ખેડૂતોના મુદ્દે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર નિશાન સાધતા કહ્યું કે, વડાપ્રધાન

કહે છે કે તેમણે વિકલ્પ આપ્યા છે, પરંતુ તેમનો પહેલો વિકલ્પ ભૂખ, બીજો બેરોજગારી અને ત્રીજો આત્મહત્યા છે.

રાહુલે કૃષિ કાયદાઓ પર વધુમાં કહ્યું કે, 'પહેલા કાયદાની સામગ્રી એ છે કે કોઈ પણ વ્યક્તિ દેશમાં ગમે ત્યાં કેટલું પણ અનાજ, શાકભાજી, ફળોને ખરીદી શકે છે. જો દેશમાં ખરીદી અમર્યાદિત હશે, તો પછી માર્કેટમાં કોણ જશે? પ્રથમ કાયદાનું કન્ટેન્ટ બજારને નાબૂદ કરવાનો છે. બીજા કાયદાની કન્ટેન્ટ તે છે કે મોટા ઉદ્યોગપતિઓ અનાજ, ફળો, શાકભાજી સ્ટોક કરી શકે છે, આ માટેની કોઈ મર્યાદા નથી.'

રાહુલે કહ્યું કે ત્રીજા કાયદાનું કન્ટેન્ટ એ છે કે ખેડૂત જ્યારે ઉદ્યોગપતિઓની સામે જઈને તેમની પેદાશ માટેના પૈસાની માંગણી કરે છે ત્યારે ખેડૂતોને કોર્ટમાં જવાની મંજૂરી આપવામાં આવશે નહીં. વર્ષો પહેલાં, કુટુંબના આયોજનમાં એક સૂત્ર હતું- અમે બે અમારા બે. આજે શું થઈ રહ્યું છે, જે રીતે કોરોના બીજા સ્વરૂપમાં આવે છે, તેવી જ રીતે આ પણ એક નવા સ્વરૂપમાં આવી રહ્યું છે. હવે ૪ લોકો ચલાવી રહ્યા છે, તેમનું સૂત્ર છે અમે બે અમારા બે.

રાહુલના ભાષણની શરૂઆતથી જ શાસક પક્ષે હોબાળો મચાવ્યો હતો. તેમના ભાષણ દરમિયાન અનેક વાર નારેબાજી થઈ હતી.